ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૩-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### યૌન સંબંધ અને ઉંમરનો વિકૃત વિવાદ

બહુચર્ચિત દિલ્હી દુષ્કર્મકાંડના પગલે આખા દેશમાં બળાત્કાર જેવા ગંભીર ગુના વિરુદ્ધ કડક કાયદો લાવવાની ચર્ચાએ જોર પકડ્યું, જેની ફલશ્રુતિ રૂપે યુપીએ સરકારના વરિષ્ઠ મંત્રી પી. ચિદમ્બરમના નેતૃત્વ હેઠળના મંત્રીઓના જૂથ દ્વારા કેટલાક કઠોર નિર્ણયો લેવાયા અને મંત્રીમંડળે એના પર મંજૂરીની મહોર મારી દીધી. આ નિર્ણયોમાં નવા કાયદા મુજબ કોઈ પણ મહિલા સામે ટગર ટગર તાકી રહેવાથી માંડી સહમતી પૂર્વક યૌન સંબંધી બાંધવાની અલ્પતમ ઉંમર સુધીની બાબતો આવરી લેવામાં આવેલ છે. અત્યાર સુધી આ ઉંમર અઢાર વર્ષ હતી, તે ઘટાડીને સોળ વર્ષ કરવાના નિર્ણય સામે દેશભરમાં વ્યાપક વિવાદ અને વિરોધના સૂર પ્રગટ્યા છે. લગ્ન માટેની અલ્પતમ વય અઢાર વર્ષ હોય અને સ્વૈચ્છિક સેકસની ઉંમર સોળ હોય તો દેખીતી રીતે જ કાયદો લગ્નેતર યૌન સંબંધોની તરફેણ કરતો વરતાશે. મોટાભાગના પરંપરા ગ્રસ્ત નેતાઓ પછી તે કોગ્રેંસના હોય કે વિપક્ષના- આ મુદ્દે એમનો અણગમો વ્યકત કરી ચૂક્યા છે. બીજી તરફ મુખ્ય વિરોધપક્ષ એનાં પત્તાં છાતી સરસાં રાખી આ મુદ્દે ફૂંકી ફૂંકીને આગળ વધવા માગે છે. દિલ્હી સામૂહિક બળાત્કાર કાંડની પીડિતાને સૌથી વધારે પીંખી નાખનાર અને એનાં ગુપ્તાંગમાં લોખંડનો સળિયો ઘૂસાડી દઈ એના મૃત્યુનું કારણ બનનાર બળાત્કારીને એની 'સગીર' વયને કારણે બીજા ઉંમરલાયક નાલાયકોની હરોળમાં સજા આપી શકાશે નહીં. એનો કેસ બાળ-અદાલતમાં ચાલશે અને એને 'સુધરવા'ની તક આપવામાં આવશે. કાયદો સુધારી અઢારને બદલે સોળ વર્ષની મર્યાદા નક્કી કરતાં આવા ગુનેગારોને પણ સકંજામાં લઈ શકાશે એવી એક થિયરીના આધારે યુપીએ સરકાર કાયદો સુધારવા માગતી હશે કે પછી યુવા વયના અલ્લડ મતદારોને રીઝવવા માટેનો આ ગુપ્ત કીમિયો હશે? કદાચ આ શંકાના આધારે મુખ્ય વિપક્ષ હજી સુધી આ મુદ્દે એનો અભિપ્રાય વ્યકત કરવામાં મૂંઝવણ અનુભવતો લાગે છે. પરંપરા સમય સાથે બદલાતી રહે છે. કયારેક બહુ જ નાની વયે લગ્નો થઈ જતાં. અઢાર વર્ષે પહોંચતા પહેલાં તો દીકરી બે છોકરાંની મા બની જતી. ગાંધીજીની આત્મકથા વાંચી હશે તે જાણતા હશે કે એમનાં લગ્ન તેર વર્ષની કાચી કુમળી વયે થઈ ગયાં હતા અને પંદર વર્ષની વયે તો તેઓ પુત્રના પિતા બની ગયા હતા. 'સ્વીટ સિક્સ્ટીન' અને 'સ્વીટ સેવન્ટીન' જેવાં મદોન્મત્ત કોમ્પ્લિમેન્ટસ આખી દુનિયામાં વપરાતાં રહ્યાં છે. પરંતુ કારકિર્દીને અગ્રતા ક્રમે મૂકવાનો અભિગમ અપનાવાતાં હવે લગ્નની મહત્તા ઘટી છે. સ્વૈચ્છિક યૌનચાર વધ્યો છે. સેકસને એક મનોરંજન લેખે સ્વીકારીએ માટે લગ્ન બંધન જેવા 'સંસ્કાર'ની જરૂર નહીં હોવાના પાશ્ચાત્ય વિચારનો વ્યાપક ફેલાવો થયો છે અને દોડભાગવાળી નવતર જીવનશૈલીને એ અનુકૂળ પણ આવી ગયો છે. તેથી ભારતીય જીવનશૈલીમાં સેકસને માત્ર લગ્ન સાથે સાંકળવાનો કહેવાતો પવિત્ર ઉપક્રમ જોખમમાં મુકાઈ ગયો છે. જો સોળ વર્ષના સ્વૈચ્છિક યૌન સંબંધનો બંધારણીય સ્વીકાર થશે તો તે વ્યભિચારને જ પ્રોત્સાહિત કરવા જેવું પગલું લેખાશે. પરંતુ હજી આપણા સાંસદો પરંપરાગત સંસ્કારોથી ઘેરાયેલા છે, તેથી આ સુધારો પસાર થવાની શકયતા નહીંવત જ ગણાય.

# પરીક્ષાઓ પૂર્ણ થતાં નગરમાં શિબિરોનો માહોલ જામશે

ગાંધીનગર, તા.૧૭

શાળાંત પરીક્ષાઓ વિદ્યાર્થીઓના બારણે ટકોરા મારી રહી છે અને લગભગ ૬ઠ્ઠી એપ્રિલ સુધીમાં પૂર્ણ પણ થઈ જશે ત્યારે આ શૈક્ષણિક સ્ટ્રેસમાંથી વિદ્યાર્થીઓ સ્વસ્થ બને, હળવા બને અને મનોરંજન સાથે આંતરિક વિકાસ સાધે તે માટે નગરની મોટા ભાગની શાળાઓ દ્વારા આ વર્ષે વિવિધ શિબિરોનું આયોજન થઈ રહ્યું છે. યોગ, સ્કેટીંગ, સંગીત, કરાટે, ક્રાફટ, ડાન્સ, અભિનય વગેરેની શિબિર યોજી બાળકોને હળવા ફુલ બનાવશે.

વર્ષ આખું ભણી-ભણીને થાકી ગયેલું બાળક ફેબ્રુઆરી અને માર્ચ માસ સુધીમાં તો જાણે સ્ટ્રેસ અનુભવે છે. સતત પુસ્તકો અને ભણતરનો મારો તેની માનસિક ક્ષમતાને ખળભળાવી મુકે છે. બાળકોના આ કુમળા માનસ ઉપર આજનું શિક્ષણ પરિણામ લક્ષી બન્યું હોવાથી તેનું ભારણ ખુબ જ રહે છે. પરીક્ષાઓની તૈયારી, પરિણામની ચિંતા, ટકાવારીનું ટેન્શન આ બધું જ બાળકના મનને ખૂબ જ હતાશ કે નિરાશ કરી દેતું હોય છે ત્યારે ગાંધીનગરની જાણીતી સંસ્થાઓ બાળકોના આ 'સ્ટ્રેસ'ને હળવું કરવા માટે અવનવી શિબિરોનું આયોજન દર વર્ષે કરે છે. આ વર્ષે પણ જાણીતા શિક્ષણવિદોના સહયોગથી બાળ માનસને હળવું ફુલ બનાવવા અને શિક્ષણના ભારથી દૂર રહી ગીત-સંગીત-ક્રાફટ જેવી વિવિધ શિબિરો યોજવા નગરની શિક્ષણ સંસ્થાઓ મથી રહી છે.

**ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વેકેશન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ તો માઉન્ટ કાર્મેલ શાળામાં અને સ્કૂલ ઓફ એચિવર્સમાં તો વેકેશન શિબિરની પૂર્વ તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. મોટા ભાગની સંસ્થાઓ ગીત-સંગીત-અભિનય, સ્કેટીંગ, યોગ, ધ્યાન, માઈન્ડ પાવર, ક્રાફટ અને આવી તો અનેક વિધ કલા કૌશલ્ય શકિતઓને વેકેશનમાં શિબિર યોજી વિદ્યાર્થીઓને સ્ટ્રેસ મુકત કરશે.**

બોર્ડની પરીક્ષાઓ પૂરી થવાના આરે છે અને ધોરણ ૧ થી ૯ અને ૧૧ની પરીક્ષાઓ હવે શરૂ થશે. ૬ઠ્ઠી એપ્રિલ સુધી શાળાંત પરીક્ષાઓ પૂરી થશે અને વિદ્યાર્થીઓ માટે લાં...બું.... વેકેશન શરૂ થશે. વિદ્યાર્થીઓ લગભગ બે મહિનાનું વેકેશન ગાળશે. કેટલાક વાલીઓ પોતાના બાળકને પ્રવાસમાં લઈ જશે તો કેટલાક શિબિરોમાં મોકલશે. વર્ષ આખું સખત પરીક્ષાલક્ષી મહેનત કરતો વિદ્યાર્થી બે મહિના માટે હળવાશ અનુભવશે. કડી સર્વ વિદ્યાલયની આર.એન. લલિતકલા, સ્કૂલ ઓફ એચિવર, ઈન્ફોસીટી સ્કૂલ, ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ વગેરે શાળાઓ દર વર્ષની જેમ આ વર્ષે પણ યોગ, ડાન્સ, કરાટે, સ્કેટીંગ, આર્ટ ઓફ લીવીંગ, ગીત-સંગીત, ક્રાફટ વગેરે દ્વારા વિદ્યાર્થીઓને પ્રસન્નતા મળે તેવી શિબિરોનું આયોજન કરે તો તેમાં નવાઈ નહીં...!!!




કિડ્ઝી પ્લે સ્કુલ ગાંધીનગર દ્વારા આંબેડકર હોલ ખાતે બપોરે ૩.૦૦ કલાકે વાર્ષિકોત્સવ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો ઉત્સાહભેર ભાગ લીધો હતો.ભાગલેનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામ તથા પ્રમાણપત્ર મુખ્યમહેમાન તરીકે મહેશભાઈ મોડ, મનીષભાઈ ખત્રી, તથા કિડઝીના આચાર્યા દ્વારા એનાયત કરવામાં આવ્યાં હતા.

## સમર્પણ ધ્યાન શિબિર ૧૯મીથી યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

શિવકૃપાનંદ સ્વામી આશ્રમ ટ્રસ્ટ નવસારી દ્વારા ગાંધીનગરના સેક્ટર-૧૬, અંધશાળાના મેદાનમાં તા. ૧૯મી માર્ચથી ૨૬મી માર્ચ દરમિયાન સમર્પણ ધ્યાન શિબિર સાંજે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન યોજાશે.

સમર્પણ ધ્યાન શિબિરમાં શિવકૃપાનંદ સ્વામીજીના જીવનના અનુભવો પર આધારિત અને પોતાની સરળ ભાષામાં પ્રવચનોની વિડિયો કેસેટના માધ્યમથી સમર્પણ ધ્યાન વિશે પરિચય આપવામાં આવશે. માનવના સુક્ષ્મશરીરમાં સ્થિત સાત ઊર્જાકેન્દ્રો (ચક્રો), ત્રણ નાડીઓ વિશેની જાણકારી આપવામાં આવશે. અને સાથે શારીરિક, માનસિક, ભૌતિક, સામાજિક અને આધ્યાત્મિક સ્તરો પર થતાં ફાયદાઓ જણાવવામાં આવશે.

# ગરીબ જરૂરિયાતમંદ દર્દીઓ માટે આત્મન્ ફાઉન્ડેશન દ્વારા નિદાન અને ઓપરેશન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

શારીરિક વિવિધ રોગોથી પીડાતા અને ગરીબ જરૂરિયાતમંદ દર્દીઓ માટે નગરની સેવાભાવિ સંસ્થા આત્મન્ ફાઉન્ડેશન દ્વારા એક નિદાન અને ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં નિષ્ણાંત-અનુભવી ડૉકટરો દ્વારા નિદાન અને ઓપરેશન વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

આ કેમ્પમાં સારણગાંઠ, હાઈડ્રોસીલ (વધરાવળ), રસોળી, થાઈરોઈડ (ગળાની ગાંઠ),સ્તનની ગાંઠ, હરસ, મસા, ભગંદર, કાનની બુટ તેમજ ગાયનેક (સ્ત્રી રોગોમાં) ગર્ભાશયની કોથળી (પેટ પર ચીરો મૂકીને તથા ચીરો મૂક્યા વગર), માટીનું (પ્રોલેપ્સ યુટરસ), અંડાશયની ગાંઠ, આ ઉપરાંત પ્રોસ્ટેટની ગ્રંથી, એપેન્ડીક્ષ, બાળકો માટેનાં સારણગાંઠ, સુન્નત વગેરે ઓપરેશન કરવામાં આવશે.

આ ઓપરેશન કેમ્પનો લાભ લેવા માંગતા ગરીબ અને જરૂરિયાતમંદ સ્ત્રી-પુરુષ દર્દીઓએ તા. ૨૦-૩-૨૦૧૩, બુધવારના દિવસે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધીમાં હૃદયકુંજ આરોગ્ય શિક્ષણ સંકુલ, ગાંધીઘર, ગ્રામભારતી, અમરાપુર, તા. માણસા, જિ. ગાંધીનગર ખાતે નિદાન કરાવવા વિનંતી છે. નિદાન થયા પછી જ ઓપરેશન માટેનું રજિસ્ટ્રેશન કરવામાં આવશે. નિદાન કરાવવા આવતા દર્દીઓએ અગાઉના એમના રિપોર્ટસ હોય તો સાથે લાવવાના રહેશે. વિનામૂલ્યે ઓપરેશન કેમ્પનો લાભ ઓપરેશનની જરૂરિયાતવાળાં પ્રથમ ૩૦ દર્દીઓ માટે રહેશે. લોહીના રિપોર્ટ અને ઓપરેશન પછીની દવાનો ખર્ચ દર્દીએ જાતે કરવાનો રહેશે.

ઓપરેશનની તારીખ તા. ૨૦-૩-૨૦૧૩ના નિદાન કેમ્પમાં નિદાન-રજિસ્ટ્રેશન થયા પછી આપવામાં આવશે.




બહેન ગભરા નહીં... અહીંનો સ્વાઈન ફ્લ્યુનો એકમાત્ર સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટર તે હું છું...!

## સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજમાં રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

એન.એસ.યુનિટ, સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ અને હેલ્પ વોલ્યુન્ટરી બ્લડ બેંકના સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસમાં તા. ૧૯મી માર્ચ-૨૦૧૩ને મંગળવારે સવારે ૧૧ થી ૨ વાગ્યા દરમિયાન રક્તદાન શિબિર યોજાશે.

સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ કેમ્પસમાં યોજાનાર રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર વ્યક્તિના બ્લડગૃપ, કમળો, એચ.આઈ.વી. એઈડ્સ, ગુપ્તરોગ વગેરેની મફત તપાસ કરી સરપ્રાઈઝ ગિફટ આપવામાં આવશે. સમગ્ર શિબિરનું ઉદ્‌ઘાટન નિવૃત્ત આચાર્ય માજી સેનેટ સિન્ડીકેટ સભ્ય તથા સી.સી. આઈ.એમ. ચેમ્બર ડૉ. ગનીભાઈ મન્સુરી દ્વારા કરવામાં આવશે. આયુર્વેદ મતાનુસાર વસંત અને શરદ ઋતુમાં રક્તદાન કરવાથી લોહીની શુદ્ધિ થઈ સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે.

## આવો અંગ્રેજી શીખીએ

- કુ. ચેતના બુચ

મિત્રો, આજે આપણે અંગ્રેજી વ્યાકરણનું એક અનિવાર્ય અંગ **The Pharse and The Clause** નો અભ્યાસ કરીએ. જેની વાકય રચનામાં ડગલે ને પગલે જરૂર પડે છે.

**Phrase** નો અર્થ શબ્દસમૂહ થાય છે. આ શબ્દસમૂહમાંથી અર્થ નીકળે છે પરંતુ તે અર્થ પૂરેપૂરો મળતો નથી

**e.g. at the school gate.**

**in the library.**

અહીં માત્ર શબ્દોનો અર્થ મળે છે જેને પૂરેપૂરો અર્થ આપવા અન્ય વાકયરચનાના ભાગનો સહારો લેવો પડે.

જે શબ્દસમૂહમાં ક્રિયાપદ હોય અને જેમાંથી પૂર્ણ અર્થ નીકળતો હોય તેને **Clause** (ઉપવાકય) કહેવાય.

**e.g.(1) This is a book which is on the table.**

**(2) The book on the table is mine.**

ઉપરોકત વાકય (૧)માં ઘાટો કરેલ ભાગ **Clause** છે. જયારે વાકય (૨)માં ઘાટો કરેલ ભાગ **Phrase** છે.

**Clause** ના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે.

(૧) **Noun Clause** (નામરૂપ ઉપવાકય)
(૨) **Adjective Clause** (વિશેષણરૂપ ઉપવાકય)
(૩) **Adverb Clause** (ક્રિયાવિશેષરૂપ ઉપવાકય)

**Noun Clause** (નામરૂપ ઉપવાકય)માં એ શબ્દસમૂહ જે **Noun** (કર્મ)નું કાર્ય દર્શાવે છે.

**Adjective Clause** (વિશેષણરૂપ ઉપવાકય)એ એવો શબ્દસમૂહ છે જે **Adjective** નું કાર્ય દર્શાવે છે.

**Adverb Clause** (ક્રિયાવિશેષરૂપ ઉપવાકય) એ એવો શબ્દસમૂહ છે જે **Adverb** નું કાર્ય દર્શાવે છે.

આવા સપ્તાહે આપણે ત્રણેયના ઉદાહરણો દ્વારા વિસ્તારપૂર્વક અભ્યાસ કરીશું.

**પરિચયાત્મક શબ્દો**

મિત્રો, આજે આ વિભાગમાં કારીગર **(ARTISAN)** શબ્દને લગતા શબ્દોનો પરિચય મેળવીએ.

**Coppersmith** (કોપરસ્મિથ) કંસારો
**Tinner** (ટીનર) કલાઈ કરનાર
**Assayer** (એસેયર) ચોકસી
**Saddler** (સેડલર) જીન બનાવનાર
**Glasier** (ગ્લેસીયર) કાચ બનાવનાર

# ...અને શયનકક્ષમાં પતિ જેવો પત્નીને સ્પર્શ કરે કે તરત પત્ની ધુણવા લાગતી... પણ એક વર્ષે આનુ રહસ્ય ખુલ્યુ...

## સમાજ ચિંતન

- પોપટલાલ એસ. પ્રજાપતિ

લગ્ન સંસ્થા પરસ્પરના સ્નેહ અને સમર્પણને મજબૂતાઈ આપનારૂં પરીબળ છે. પરસ્પર વફાદારીના સ્તંભ પર દામ્પત્ય જીવન નભે છે. પણ બેવફાઈના નાટક તો રાજા ભરથરીના વખતથી ભજવાતા આવ્યા છે. બેવફાઈ કયારેક અણધાર્યું પરિણામ લાવે છે તે માટે રાજા ભરથરીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. રાજા ભરથરીએ આપેલું અમરફળ પિંગલાએ પ્રેમીને આપ્યું ને એ ફળ રાજા પાસે પરત આવતાં ભરથરીનો મોહભંગ થયો અને એમણે રાજપાટ ત્યજી ભગવા ધારણ કરી લીધા. પણ આજના યુગમાં ભરથરીઓ કાં તો નવી પિંગલા શોધે છે કાં તો જુની પિંગલાને નભાવી લે છે. લગ્ન પહેલાં જ રમત રમતમાં કોઈને દિલ દેવાઈ જાય, દિલ દેવાયા પછી કોલ દેવાઈ જાય અને કોલ દીધા પછી કોઈ છેહ દેવાઈ જાય તો જેના ભાગે છેહ આવ્યો તેની જીંદગીના પાટા પરથી લગ્ન જીવનની ગાડી ઉતરી જાય છે.

અમેરિકાની ઈનફિડેલિટી સ્ટેટીસ્ટીકસના ૨૦૧૦ના અહેવાલ પ્રમાણે પતિ-પત્નીની બેવફાઈ થકી લવમેરેજના ૫૫ ટકા લગ્નો છુટાછેડામાં પરીણમે છે, જ્યારે એન્ગેજ મેરેજમાં આવી શકયતા ઘણી ઓછી હોય છે. વિદેશથી આવેલા મુરતિયા કન્યા શોધતી વખતે પોતાના ઈન્ડિયન માતા-પિતાના અભિપ્રાયને મહત્વ આપે છે. કારણ કે, ભારતીય નારીમાં તેમને વફાદારીના ગુણ દેખાય છે. પણ ઈન્ડિયાની વફાદારી કયારેક રાતાપાણીએ રડે છે. ખેર..., એક સાથેની વફાદારી નિભાવવામાં બીજા સાથે કરાતો દગો કેટલો વ્યાજબી છે તે આ પ્રસંગો પરથી નક્કી કરજો... જૈમિનના લગ્ન પહેલાં એક યુવતી સાથે અફેર ચાલે. માતા-પિતાએ દીકરાને આગ્રહ કર્યો કે તારે લગ્ન તો જ્ઞાતિમાં જ કરવા પડશે. દિકરો ન માન્યો. પણ ખૂબ સમજાવટ અને લાગણીની દુહાઈ આપી તેને જ્ઞાતિની કન્યા સાથે જૈમિનના લગ્ન થયા. પિતા સમાજમાં પ્રતિષ્ઠિત આગેવાન હોવાથી દીકરાના ધામધૂમથી લગ્ન લેવાયા. પણ લગ્નની પહેલી રાતે જ તેણે પત્નીને કહી દીધું. તું ફકત સમાજની દૃષ્ટિએ મારી પત્ની કહેવાઈસ મેં બીજે દીલ દઈ દીધું છે. પત્નીને ધ્રાસકો પડ્યો. શયનકક્ષના પલંગ પર પાથરેલા ફૂલો તેને કાંટાની જેમ ડંખવા લાગ્યા. તે ખામોશ થઈ ગઈ. રાત આખી રડતા રડતા વિતાવી.. કન્યા ખૂબ જ ખાનદાન. તેણે ઘરમાં કે પિયરમાં કોઈને જાણ ન થવા દીધી. તેણે વિચાર્યું કે પપ્પાને ખબર પડશે તો આ આઘાત જીરવી નહીં શકે. સમય કદાચ ઉકેલ લાવે... તે હંમેશા ઉદાસ રહેવા લાગી. તેના ચહેરા પરનું હાસ્ય વિલાયું. એકવાર પિયરમાં તેની ભાભીએ કારણ પૂછતાં તે ધ્રુસકે ધ્રસકે રડી પડી... રડતાં રડતાં તેણે કહ્યું ભાભી, હજુ અમે એક પણ વાર સંસાર માણ્યો નથી. મારા પતિએ મારો પત્ની તરીકે સ્વીકાર કર્યો જ નથી. અને પરીવાર પર જાણે આભ તૂટી પડ્યું. પિતાની એકની એક દીકરી હતી, સુખી પરિવાર હતો. પપ્પાએ વેવાઈને તાબડતોબ જાણ કરી. વેવાઈએ જણાવ્યું અમને દીકરાના પ્રેમસંબંધની જાણ હતી. પણ લગ્ન પછી સુધરી જશે તે આશાએ તેના લગ્ન કરાવ્યા... પણ હું લાચાર છું... પ્રશ્ન એ છે કે જૈમિનના પિતાને દીકરાના આવા સંબંધની જાણ હોવા છતાં જાણી જોઈને કોઈની દીકરીનો ભવ બગાડવાનો તેમને શો અધિકાર? ખોટી પ્રતિષ્ઠાના તુટેલા તુંબડે તરવાનો પ્રયાસ કરનાર પોતે તો ડૂબે પણ બીજાનેય ડુબાડે છે...

એક બીજો પ્રસંગ સોનાક્ષીનો છે. સોનાક્ષી ઉંમર લાયક થતાં તેના હાથ પીળા કરાયા... પિતા એક સરકારી અધિકારી હોવાથી તેમણે દીકરીના લગ્નમાં મનમૂકીને કરીયાવર આપ્યો. સોનાક્ષી પરણીને સાસરે આવી. કંકુ પગલે સોનાક્ષીનો શ્વસુરગૃહે પ્રવેશ થયો. લગ્નબાદની વિધિઓ પતાવી દીધી. સુરજ અસ્ત થયો. એ સમય આવ્યો જે જીંદગીનો યાદગાર પ્રસંગ હોય છે... સુહાગ રાત... ઉર્મિઓના થનગનાટ અને ધબકતા હૃદય સાથે શૌનકે શયનકક્ષમાં પ્રવેશ કર્યો અતિ પ્રસન્ન ચિત્તે પલંગ પાસે જઈ જ્યાં સોનાક્ષીને સ્પર્શ કર્યો ત્યાં સોનાક્ષીના શરીરમાં માતાજીએ પ્રવેશ કર્યો... તે ધુણવા લાગી... મને અડશો નહીં.... મને અડશો નહીં... શૌનક ગભરાટનો માર્યો ચાર ડગલા પાછળ હટી ગયો. પવન બંધ થયો. ફરી શૌનક હિંમત કરી આગળ વધ્યો... સોનાક્ષીને સ્પર્શ કર્યોને ફરી પાછું ધુણવાનું ચાલુ. શૌનક ચીસ પાડી બહાર દોડી આવ્યો... આખો પરિવાર ભેગો થયો. આ સમયે સોનાક્ષી નોર્મલ હતી. જાણે કંઈ જ બન્યું નથી. શૌનકે બધી વાત કરી. વડીલોએ કહ્યું સોનાક્ષીને કયાંક કુંડાળામાં પગ આવી ગયો લાગે છે. લીંબુ, અગરબત્તી, મરચાં ભેગા કરી ધૂપ કરાયો. માથે પાણીનો લોટ ફેરવી આ બધું ચાર રસ્તે મુકી આવ્યા. તે રાતે અન્ય મહિલાઓ સોનાક્ષી પાસે સુઈ રહી. બીજા દિવસની રાત થઈ શૌનકનો ફરીવાર સોનાક્ષીને સ્પર્શ અને પવન શરૂ... મને અડશો નહીં... ત્રણચાર દિવસ આ જ પ્રમાણે ચાલ્યું. દિવસે સોનાક્ષી સામાન્ય... કોઈ જ તકલીફ નહીં. રાત પડે અને જ્યાં પતિનો સ્પર્શ થાય કે ધુણવાનું શરૂ થયા. ડોકટરોને બતાવ્યું. નિદાન થયું, કન્યાને કોઈ રોગ નથી. જ્યાં ડોકટરો હાથ ધોઈ નાંખે ત્યાં ભુવાઓ અને તાંત્રિકોની કરામત શરૂ થાય છે. આ ઈન્ડિયન ફિલોસોફી છે. ભુત, ભુવા, દોરા-ધાગા, મંત્ર-તંત્ર, ઓલ્યા-ફકીર, સૌ ધંધે વળગ્યા. કોઈએ દોરા મંત્રીને આપ્યા કોઈએ તાવીઝ, પણ પરિસ્થિતિમાં કોઈ ફેર નહીં. કોઈએ કહ્યું ડાકણ વળગી છે, કોઈએ કહ્યું ચુડેલ. કોઈએ કહ્યું તેમની કુળદેવી સાથે આવી છે... પણ. કોઈને રસ્તો સુઝતો નથી. દિવસો વિતે છે, દિવસે પતિ-પત્ની સાથે હરેફરે, હસી ખુશીથી પ્રેમાલાપ કરે પણ રાત પડે જોખમ ઉભુ થાય... એમ કરતાં એકાદ વર્ષ થયું અને એક દિવસ સોનાક્ષીનો શૌનક પર ફોન આવે છે. શૌનક મારા શરીર પર તમારો કોઈ અધિકાર છે નહિ અને થશે નહીં. મારી સાથે સંસાર માણવાના અભરખા છોડી દેજો. હું તમારી કયારેય નહી થઈ શકું. જો તમારે છુટાછેડા લેવા હોય તો અબઘડી કોર્ટમાં આવી જાવ. છુટાછેડાના પત્રો તૈયાર છે. શૌનકે પિતાને વાત કરી. પિતા પરિવારના વડીલો સાથે શૌનકને લઈ કોર્ટમાં આવ્યા. સોનાક્ષીએ સસરાને કહ્યું હું છુટાછેડા માટે તૈયાર છું. તમારા દીકરા સાથે હું કયારેય ઘર નહીં માંડું. મારો સાચો પતિ મારી પાસે ઉભો છે. જો છુટાછેડા માટે તૈયાર નહિ થાવ તો અમારી સલામતી માટે ઘણા કાયદા છે. જેલના સળિયા ગણવા પડશે. શૌનકનો પરિવાર પરિસ્થિતિ પામી ગયો અને નક્કી કર્યું કે આ પાણીએ મગ ચઢે તેમ નથી. જબરદસ્તીથી સંસાર મંડાય નહી આ ઉપાધિમાંથી જેટલા વહેલા છુટીએ તેટલો લાભ છે. આપણા કાયદા બહુ વિચિત્ર છે આપણે પરેશાન થઈશું. ખોટી ફજેતીઓ કરવી તેના કરતાં આ કન્યાને છુટી કરો.. અને શૌનકે છુટાછેડાના કરાર પર સહી કરી નાંખી.. અને કોઈપણ વાંક ગુના વગર શૌનક પર 'બીજવર'નું લેબલ લાગી ગયું. લાખ રૂપિયાનો સવાલ એ છે કે સોનાક્ષીના પ્રેમ પ્રકરણથી શું તેના મા-બાપ અજાણ હશે?

કે આબરૂ જવાના ડરથી તેમણે પણ ઝટપટ દિકરીના લગ્નનો ખેળ પાડી દીધો હશે? ભગવાન જાણે? ...લોકો માની લીધેલી પ્રતિષ્ઠા સાચવવાના પ્રયત્નમાં જાતે જ કેવા આબરૂના ધજાગરા કરે છે? વાસ્તવિકતાનો સ્વીકાર કરવામાં નાનમ શી? ચિંતા એ છે કે સમાજ કાયં જઇ રહ્યો છે?